
ગાંધીનગર સમાચાર

સ્ટેચ્યુ ઓફ યુનિટિની પ્રતિકૃતિ દ્વારા સરદાર પટેલને સ્મરણાંજલિ



# આગામી સપ્તાહે દિવાળીની ઘરાકી ખુલશે

## નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં કર્મચારીઓને પગાર/બોનસ થશે ત્યારબાદ આગામી અઠવાડીયામાં બજારોમાં ઘરાકી ખુલશે





ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરમાં દિવાળી પર્વની ઉત્સાહ પૂર્ણ ઉજવણી કરવામાં આવે છે. દિવાલી પર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં કર્મચારીઓને પગાર/બોનસ થશે ત્યારબાદ આગામી અઠવાડીયામાં બજારોમાં ઘરાકી ખુલશે અને બજારોમાં માનવ મહેરામણ ઉમટશે. વિવિધ ચીજવસ્તુની ખરીદી કરતા નગરજનો નજરે પડશે. અત્યારના સમયે ઓનલાઈન ખરીદીનો ટ્રેન્ડ હોવા છતાં બજારોમાં આની કોઈ અસર વર્તાશે નહી અને બજારોમાં દુકાનોમાં ભારે ભીડ જામશે.

દિવાળીના તહેવારની દરેક માનવી આતુરતાપૂર્વક રાહ જોતો હોય છે. વર્ષ દરમિયાન અનેક તહેવારો આવે છે પરંતુ દીવાળીથી ગુજરાતીઓના નવીન વર્ષનો પ્રારંભ થાય છે. આ પર્વની ભારતભરમાં ધૂમધામથી ઉજવણી કરવામાં આવે છે ત્યારે ગુજરાતીઓ દિવાળીના તહેવારને લઈ ઉત્સુક હોય છે. દિપાવલી પર્વની ફટાકડા ફોડી જોરશોરથી ઉજવણી નગરજનો કરે છે ત્યારે દિવાળીના તહેવારોમાં ખરીદી માટે બજારોમાં ભારે ભીડ જોવા મળે છે. શહેરના બજારોમાં આવતા અઠવાડીયાથી માનવમેદની જોવા મળશે. કપડા, ફટાકડા, ઈલેકટ્રોનીકસ આઈટમ સહિત ખાવાની વિવિધ ચીજવસ્તુઓની નગરજનો ખરીદી કરશે. આગામી માસના બીજા સપ્તાહમાં દિવાળી હોવાથી બજારોમાં પ્રથમ સપ્તાહમાં ખરીદી માટે નગરજનો ઉમટી પડશે. શહેરની વિવિધ દુકાનોમાં નગરજનોની માંગને પહોંચી વળવા આગોતરુ આયોજન પણ દુકાનદારોએ કરી દીધું છે. શહેર પણ દિવાળીમાં રોશનીથી ઝળહળી ઉઠશે. અત્યારના સમયે માર્કેટમાં ઓનલાઈન ખરીદીનો નવો ટ્રેન્ડ ઉભો થયો છે. પરંતુ આ પર્વની ખરીદી તો નગરજનો જાતે જઈને કરશે.

(તસવીર : કશ્યપ નિમાવત)



શિંગોડા - શિયાળાના આગમન સાથે શિંગોડાનું પણ બજારમાં આગમન થયું છે. ખૂબ જ સાત્વિક અને મધ્યમવર્ગને પોસાય તેવું શિયાળાનું આ નાનકડું ફળ હંમેશા આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## @ગાંધીનગર

● સરદાર વલ્લભભાઈ પટેલ જન્મ જયંતિ ઉજવણી સમિતિ દ્વારા સરદાર પટેલ જયંતિ નિમિત્તે વિધાનસભા પટાંગણમાં સવારે ૮.૩૦ કલાકે પુષ્પાંજલીનો કાર્યક્રમ યોજાશે.

● હુસેની કમીટી દ્વારા રાત્રે ૧૦ કલાકે મદીના-મસ્જીદ ચોક, સે-૨૯ ખાતે કરબલાની શહાદતની યાદમાં જાહેર પ્રવચન (વાયઝ) યોજાશે.

● ગાંધીનગર જિલ્લાના તમામ હોમગાર્ડઝ યુનિટ ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી અન્વયે શપથ ગ્રહણ કાર્યક્રમ યોજાશે.

● ઘ-૪ પાસે સ્થિત સ્વર્ણિમ પાર્કમાં સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણનો કાર્યક્રમ સવારે ૭ કલાકે યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## ખાખરિયા છાસઠ પ્રજાપતિ સેવા સમાજનો સ્નેહમિલન સમારંભ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરની ખાખરિયા છાસઠ પ્રજાપતિ સેવા સમાજ દ્વારા આગામી તા. ૨૮મી નવેમ્બરે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તાર ખાતે સમાજની વાડીમાં યોજાશે. જેમાં સમાજના 'પરિવાર પરિચય ગ્રંથ'નું વિમોચન પણ કરવામાં આવનાર છે. આ ઉપરાંત સમાજ દ્વારા આગામી તા. ૧૩મી ફેબ્રુઆરીએ સમુહ લગ્નનું પણ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. ખાખરિયા છાસઠ પ્રજાપતિ સમાજ દ્વારા સમાજના બાળકો માટે નોટબુક ચોપડા વિતરણ માટે વિદ્યાર્થીઓની માર્કશીટ મંગાવાઈ હતી. જે વાલી દ્વારા હજુ પણ ધોરણ ૧ થી ૧૨માં ૭૫ ટકાથી વધુ ગુણ લાવ્યા હોય તેવા બાળકોની માર્કશીટ ના પહોંચાડાઈ હોય તેમને તા. ૧૪મી નવેમ્બર સુધીમાં સમાજવાડી ખાતે પહોંચાડી દેવા જણાવાયું છે.

## આજે સિનિયર સિટિઝન્સ કાઉન્સીલની માસિક બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૩૦

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની માસિક બેઠક તા. ૩૧મી ઓકટોબરના રોજ સાંજે સાડા ચાર વાગે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજવાડી સે-૭ ખાતે મળશે. સિનિયર સિટિઝન્સ ની વિશેષ પ્રતિભા ધરાવતા બહેનો તેમજ રાષ્ટ્રીય કક્ષાએ સન્માનીત બહેનોનું કાઉન્સીલ તરફથી સન્માન કરવામાં આવશે તેમ મંત્રીશ્રી જે.એલ. શાહે જણાવેલ છે.

## ગાંધીનગર સિવિલ કેમ્પસમાં કંટ્રોલરૂમ શરુ થાય તો યશકલગીમાં સોનેરી પીછું ઉમેરાય

ગાંધીનગર, તા.૩૦

અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસ ખાતે કંટ્રોલ રૂમ કાર્યરત છે. આ કંટ્રોલ રુમથી દર્દીઓને પુછપરછ સહિતની કામગીરી સરળ અને ઝડપી બને છે. વહીવટી તંત્રની બેદરકારી પણ કંટ્રોલરુમને પગલે બહાર આવે છે. કંટ્રોલ રુમથી તમામ વિભાગનું મોનીટરીંગ થાય છે. ત્યારે આવો ઉમદા વિચાર ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સત્તાધીશોને આવે અને કંટ્રોલ રુમ શરુ કરે તો શહેરની સિવિલ હોસ્પિટલની કામગીરી સરળ અને ઝડપી બની શકે છે.

ગાંધીનગરની સિવિલ હોસ્પિટલની લાલીયાવાડી સમયાંતરે બહાર આવે છે. નીતનવા ધાંધીયા સવાર પડતા ઉભા થાય છે જેને પગલે દર્દીઓને ભારે હાલાકી ભોગવવી પડે છે. શહેરની સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ સારવાર માટે આવે છે. અદ્યતન નવીન બિલ્ડીંગ કાર્યરત થઈ જવાથી દર્દીઓને તેમજ સગાસ્નેહીઓને પણ વિવિધ વોર્ડની પુછપરછ માટે આમથી તેમ ભટકવું પડે છે ત્યારે કંટ્રોલ રુમ જો સિવિલ કેમ્પસ ખાતે કાર્યરત તંત્ર દ્વારા કરવામાં આવે તો અનેક સમસ્યાનો હલ થઈ જાય તેમ છે. હોસ્પિટલમાં તમામ વિભાગ સાથે સંકલન સચવાય, તમામ માહિતી એક જ સ્થળે મળી રહે, વહીવટી કામગીરીમાં પારદર્શકતા આવે કામગીરી ઝડપી અને સરળ બની રહે છે. કંટ્રોલ રુમમાંથી તમામ વિભાગનું મોનીટરીંગ થઈ શકે છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મેડીકલ કોલેજ તેમજ અદ્યતન આધુનિક ટેકનોલોજીથી સજ્જ કરવામાં આવી છે. ત્યારે જો સિવિલ કેમ્પસમાં કંટ્રોલરુમ શરુ કરવામાં આવે તો સિવિલની યશ કલગીમાં એક વધુ સોનેરી પીંછાનો સમાવેશ થાય તેમ છે.

## ડુંગરી ગરાસિયા સેવા સમાજ દ્વારા હોદેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૩૦

ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં મહાત્મા મંદિરના બગીચા, ઘ-૪ ખાતે સવારે ૧૦.૦૦ કલાકે કાર્યકારી પ્રમુખ કાન્તિભાઈ ડામોરના અધ્યક્ષ સ્થાને હોદ્દેદારોની બિન હરીફ વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખપદે કે.એન. બામણિયા, ઉપપ્રમુખપદે ભરતભાઈ વી. મોડિયા, મંત્રી પદે જી.ડી. ભગોરા, સહમંત્રીપદે નરસિંહભાઈ નિનામા, સંગઠનમંત્રી પદે રાજેન્દ્રભાઈ તેજોત, ખચાનચી પદે એસ.એમ. ગોમેતી, અન્વેષક એડીટર તરીકે ધીરુભાઈ કે. ડામોર, કારોબારી સભ્યોમાં કે.બી. ડામોર, જયંતિભાઈ એલ. નિનામા, દિવાનભાઈ એસ. અસારી, નરેશભાઈ ડી. ગામેતી, આર.કે. કટારા, સી.કે. ખરાડી, ડી.એસ. બલેવીયા, સી.કે. તરાલનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### ચિલોડા પોલીસ ઊંઘતી ઝડપાઈ

## સાદરામાં ધમધમતા વરલી મટકાના જુગારના અડ્ડા પર એલસીબીનો દરોડો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર નજીક આવેલા સાદરા ગામમાં વરલી મટકાના જુગારનો અડ્ડો ચાલુ થઈ ગયો હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે દરોડો પાડયો હતો. અડ્ડો ચલાવનાર રાધેશ્યામ શાહ તથા તેના સાગરીતો મળીને ૧૨ શખ્સોની રૂ. ૨૭૩૮૯ના મુદ્દામાલ સાથે એલસીબીએ ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે તો બીજી તરફ ચિલોડા પોલીસ ઉંઘતી રહી હતી અને એલસીબીએ રેડ કરી જતા તે દિશામાં ઈન્કવાયરી હાથ ધરાઈ છે.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એલસીબી પીઆઈ આશુતોષ પરમાર તથા તેમની ટીમ દારુ-જુગારની બદીઓ દુર કરવા વિવિધ સ્થળોએ દરોડા પાડી આ પ્રવૃત્તિઓ નેસ્ત નાબુદ કરવા કામે લાગી છે. એલસીબી પીએસઆઈ એન.એન. ચાવડા તથા એએસઆઈ રામાજી, કરણસિંહ, અબ્બાસખાન, હે.કો. દિલીપસિંહ, સંદિપભાઈ સહિતની ટીમે ગઈ કાલે ચોકકસ બાતમીના આધારે સાદરા ગામમાં ધમધમતા વરલી મટકાના અડ્ડા પર દરોડો પાડયો હતો. વરલી મટકાના જુગાર ચલાવતા રાધેશ્યામ સોમાલાલ શાહ સહિત એલસીબીની ટીમે તેના સાદરાના સાગરીતો ઘનશ્યામ લાલા રાવળ, અર્જુ ઉદા ઠાકોર, વિનુ બેચર ઠાકોર, રમેશ રાજા ગોસ્વામી, અજય સુબી ચૌધરી, દહેગામના ભરત ગોરધન વસાઈ, પ્રાંતિજના મહેશ ચિમન વ્યાસ, રાકેશ બાબુ સુથાર, જાખોરાના મુકેશ રણછોડ ઠાકોર, રમણ ગંગા ઠાકોર અને ચેખલારણીના કુંવર ભીખા ઠાકોર મળી ૧૨ શખ્સોની ધરપકડ કરી લઈ વરલી મટકાના આંક લખેલા સાહિત્ય તથા ૧૧ મોબાઈલ અને રોકડ ર. ૧૧૬૮૯ મળી કુલ રૂ. ૨૭૩૮૯નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

**અડ્ડો ચલાવતા રાધેશ્યામ શાહ સહિત ૧૨ શખ્સોની રૂ. ૨૭ હજારના મુદ્દામાલ સાથે ધરપકડ**

## સે-પમાં રહેતી પરણિતા ઓલ આઉટનું પ્રવાહી પી ગઈ

### પતિ તાત્કાલિક સારવાર માટે હોસ્પીટલ લઈ આવતા તેણીનો આબાદ બચાવ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરના સેકટર-પ ખાતે રહેતી ૩૦ વર્ષીય પરિણીતાએ આજે પોતાના ઘરે જ કોઈ અગમ્ય કારણોસર મચ્છર મારવા વપરાતા ઓલ આઉટના પ્રવાહીને ગટગટાવી લીધી હતી. તબિયત લથડવા લાગતા તાત્કાલીક તેણીના પતિ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર લઈ જતા સમયસર સારવાર મળી જતાં પરીણીતાનો આબાદ બચાવ થઈ જવા પામ્યો છે.

રાજયના ગૃહમંત્રીના ડ્રાઈવર તરીકે ફરજ બજાવતો પરિણીત યુવાન સેકટર-પ ખાતે પરિવાર સાથે રહે છે. ૧૫ વર્ષના લગ્નગાળામાં તેમને એક દિકરો અને એક દિકરી એમ બે સંતાનો છે. આજે કોઈ કારણોસર તેની પત્નિએ પોતાના ઘરે જ ઓલઆઉટનું પ્રવાહી પી લેતા સન્નાટો મચી ગયો હતો. પતિને આ બાબત ધ્યાને આવતા તાત્કાલીક પી જવાથી કણસી રહેલી પત્નિને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. સમયસર હોસ્પિટલ પહોંચી જતાં તબીબી ટીમે શરીરમાંથી ઓલઆઉટ પ્રવાહી નીકાળી દઈ મોતનાં મ્હોમાંથી બહાર કાઢી દીધી હતી. આ ઘટના અંગે સે-૭ પોલીસ મથકને પણ જાણ કરવામાં આવતા પોલીસે કાર્યવાહી શરુ કરી છે.

## વાતવાતમાં

● સે-૨માં કરવા ચોથના વ્રતનું પુજન યોજાયું હતું. જેમાં સમગ્ર પરિસરને સુંદર રીતે સજાવાયું હતું. આ પરિસરમાં ડેકોરેશન માટે મોટી મોટી ફ્રેમો લટકાવાયી હતી જેમાં પોઝ આપી ફોટો પડાવવા પડાપડી થઈ હતી.

● ગાંધીનગરના કેટલાક માર્ગો પર એક વાનમાં કેટલાક વેપારીઓ દ્વારા માત્ર રૂ. ૧૦૦માં ૪ શર્ટનું વિતરણ કરવામાં આવી રહ્યું હતું. તહેવારના માહોલમાં આટલુ સસ્તુ જોઈ દિગ્મૂઢ અનેક નગરજન ઉભા રહી ખરીદી કરવા તત્પર બન્યા હતા.

● માણસાના અગ્રણી બ્રહ્મબંધુ તથા વિધાનસભાના અધ્યક્ષાના અંગત સચિવ નિલેશભાઈ વ્યાસના માતૃશ્રી તારાબાનું ૮૧ વર્ષની વયે દુઃખદ અવસાન થવા પામ્યું છે. સદગતની અંતિમ ક્રિયા માણસા ખાતે યોજાઈ હતી. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે તેવી અભ્યર્થના.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

## દિવ્ય જીવ સંઘ આયોજિત નિઃશુલ્ક યોગ ધ્યાન શિબિર

ગાંધીનગર, તા.૩૦

દિવ્ય જીવન સંઘ ગાંધીનગર તથા શ્રી ગાયત્રી શકિતપીઠ દ્વારા સંયુકત ઉપક્રમે તા. ૧લી નવેમ્બરથી ૧૦મી નવેમ્બર સુધી શ્રી ગાયત્રી શકિતપીઠ સે-૧ ખાતે સવારે સાત વાગે ધ્યાનયોગ શિબિરનું આયોજન કરેલ છે. યોગાસન, પ્રાણાયામ, ધ્યાન ઉપરાંત યોગ દ્વારા તણાવ નિયંત્રણ, સાચું શ્વસન, વિવિધ બિમારીઓમાં ઉપચાર માટે તથા રોકવા માટેના આસાનો, પ્રાણાયામ, શારીરિક-માનસિક આરોગ્ય વગેરેનું પ્રશિક્ષણ આપવામાં આવશે. મો. ૯૮૨૪૦ ૫૫૧૮૭ ઉપર સંપર્ક કરવા ઉપપ્રમુખ શ્રી અશ્વિનભાઈ દવેએ જણાવેલ છે.

## ગેરકાયદે રેતી ખનનના ગુનામાં વોન્ટેડ પત્રકાર ઝડપાયો

ગાંધીનગર, તા.૩૦

મોડાસા પોલીસ સ્ટેશનની હદમાં જુલાઈ માસ દરમિયાન ગાંધીનગર રહેતા એક પત્રકાર સામે પ્રીવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ એકટ હેઠળ ગુનો નોંધાયો હતો આ ગુનામાં વોન્ટેડ પત્રકાર રાજેશ મનજીભાઈ ઠકકરને બાતમીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમના પીએસઆઈ કૃણાલ પટેલ સહીતના સ્ટાફે ઝડપી પાડી તેની ધરપકડ કરી લીધી છે. એલસીબીની ટીમે તેની ધરપકડ કરી મોડાસા પોલીસને સોંપી દીધો છે.

# સ્ટેચ્યુ ઓફ યુનિટિની પ્રતિકૃતિ દ્વારા સરદાર પટેલને સ્મરણાંજલિ

## ગાંધીનગરના જાણીતા આર્ટિસ્ટ હરીન ભટ્ટ દ્વારા ત્રણ વૈશ્વિક કળાના સમન્વયથી સ્ટેચ્યુ ઓફ યુનિટિની અનોખી પ્રતિકૃતિ બનાવાઈ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના જાણીતા સ્કલ્પ્ચર આર્ટીસ્ટ હરીન ભટ્ટ દ્વારા અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની નર્મદા તટે પ્રસ્થાપિત થનાર પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટિ'ની આબેહૂબ પ્રતિકૃતિ તૈયાર કરાઈ છે. આ પ્રતિકૃતિની ખાસ વાત એ છે કે તે સુતરાઉ કાપડમાંથી તૈયાર કરવામાં આવી છે જેમાં વૈશ્વિક સ્તરની ૩ કળાનો સુભગ સમન્વય કરાયો છે.

સમગ્ર દેશમાં તા. ૩૧મી ઓકટોબરે સરદાર જયંતિ ઉજવાશે. ભારતની આઝાદીની લડાઈમાં મહાત્મા ગાંધીના આદર્શો સાથે તેમના પડછાયા બની પોતાનું સમગ્ર જીવન વ્યતિત કરનાર તથા આઝાદી મળ્યા બાદ દેશના ૫૬૩ રજવાડાઓનું પોતાની વિલક્ષણ નિર્ણયશકિત તથા મજબૂત આત્મવિશ્વાસના સહારે ભારતીય સંઘમાં વિલિનીકરણ કરનાર સરદાર વલ્લભભાઈ પટેલ દરેક દેશવાસીના હૃદયમાં સ્થાન પામ્યા છે. ગુજરાતના નર્મદા નદી પર સરદાર સરોવર ડેમ ખાતે સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી ૧૮૨ મીટરની પ્રતિમા પ્રસ્થાપિત કરવામાં આવનાર છે. આ પ્રતિમાને 'સ્ટેચ્યુ ઓફ યુનિટિ'નું નામ આપવામાં આવ્યું છે. દેશી રજવાડાઓને એક કરી અર્વાચીન અખંડ ભારતનો નકશો પૂર્ણ કરનાર સરદાર વલ્લભભાઈ પટેલને દેશની એકતા અને અખંડિતતાના પ્રતિક રૂપે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને આજના દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આ નામકરણ કરવામાં આવ્યું છે. 'સ્ટેચ્યુ ઓફ યુનિટિ' વિશ્વભરમાં ગુજરાત સહિત સમગ્ર દેશ માટે ગૌરવપ્રદ સ્થાન પ્રાપ્ત કરી ભારતને વૈશ્વિક ફલક પર એકતાના પ્રયાણરૂપે રજૂ કરશે.



ગાંધીનગરના સે-પમાં રહેતા જાણીતા સ્કલ્પ્ચર આર્ટિસ્ટ હરીન ભટ્ટ દ્વારા સરદાર પટેલને વિશેષ સ્મરાંણજલિ અર્પવાના હેતુથી સુતરાઉ કાપડનો ઉપયોગ કરી 'સ્ટેચ્યુ ઓફ યુનિટિ'ની આબેહૂબ પ્રતિકૃતિ તૈયાર કરાઈ છે. હરીન ભટ્ટ છેલ્લાં ૨૦ વર્ષથી હેન્ડમેડ ડૉલ મેકિંગ આર્ટ દ્વારા ગાંધીનગરનું નામ વૈશ્વિક ફલક પર જાણીતું કરી રહ્યા છે. આ પ્રતિકૃતિ તૈયાર કરવામાં તેમને એક સપ્તાહથી વધુનો સમય લાગ્યો હતો જેમાં તેમણે સૌ પ્રથમ કલે મોડેલીંગ દ્વારા સમગ્ર પ્રતિમાની આબેહૂબ રેપ્લિકા તૈયાર કરી હતી. ત્યાર બાદ એલ્યુમિનિયમ વાયર ફ્રેમીંગ દ્વારા ઝીણવટભરી રીતે પ્રતિમાના નાના નાના ભાગ જેવા કે દાંતનું ચોકઠું વગેરેને પ્રમાણભૂત માપ સાથે તૈયાર કરાયા હતા. અંતમાં સુતરઉ કાપડ અને સુતરાઉ દોરાના ઉપયોગ વડે સંપૂર્ણ પ્રતિકૃતિ હાથેથી બનાવી તૈયાર કરી હતી. આ માટે તેમણે વિશ્વની ત્રણ કળાઓ ડૉલ મેકિંગ આર્ટ, આર્ચર ડૉલ આર્ટ અને સોફટ ડૉલ આર્ટનો સુભગ સમન્વય કર્યો છે. હરીન ભટ્ટ દ્વારા આગામી સમયમાં ભારતની સુવિખ્યાત હસ્તિઓને ડૉલ મેકિંગ આર્ટમાં ઢાળવાનો પ્રયાસ હાથ ધરવામાં આવનાર છે. જેના પ્રારંભરૂપે તેમણે સરદાર પટેલની સ્ટેચ્યુ ઓફ યુનિટિની પસંદગી કરી છે. સ્ટેચ્યુ ઓફ યુનિટિ ગુજરાતને વૈશ્વિક સ્તરે ઓળખ પ્રસ્થાપિત કરનાર છે ત્યારે સરદાર પટેલની જન્મજયંતિએ હરીન ભટ્ટ દ્વારા તેમની પ્રતિકૃતિ બનાવી અનોખી સ્મરણાંજલિ સમર્પિત કરાઈ છે.

## ફટાકડાં ફોડ્યા વગર ઈકો-ફ્રેન્ડલી દિવાળી ઉજવો

### દિવાળીમાં ફટાકડા ના ફોડવા નગરજનોને ગાંધીનગરના મિશન જયહિંદ ગૃપના યુવાનોનું આહ્‌વાન

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરમાં કેટલાક કોલેજીયન યુવાનો દ્વારા મિશન જયહિંદ અંતર્ગત દિવાળીના તહેવારોમાં નગરજનોને ફટાકડાના ઉપયોગ વગર પ્રદૂષણમુક્ત દિવાળી ઉજવવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ યુવાનો દ્વારા શહેરની અનેક શાળાઓમાં જઈને ફટાકડાના કારણે થતા નુકશાનનો ચિતાર વર્ણવી બાળકોને ફટાકડા ન ફોડવા સમજાવાઈ રહ્યાં છે.

ફટાકડાના કારણે વાતાવરણમાં કાર્બન ડાયોકસાઈડ સહિતના ઘાતક તત્વોમાં વધારો થાય છે. આ ઉપરાંત તેના ધુમાડાના કારણે અસ્થમા, હૃદયરોગ, બહેરાશ, કેન્સર, બ્લડપ્રેશર જેવા રોગો અને ગર્ભવતી મહિલાઓ પર ગંભીર અસરો થાય છે. આ કારણે મિશન જયહિંદ ગૃપના યુવાનો દ્વારા પ્રતિવર્ષ ગાંધીનગરના નગરજનોને ફટાકડા નહી ફોડવા અંગે અનુરોધ કરવામાં આવે છે. અને ઈકો ફ્રેન્ડલી દિવાળી ઉજવવા આહ્‌વાન કરવામાં આવે છે. આ યુવાનોએ શહેરની વિવિધ શાળાઓ જેવી કે ગુરુકુલ, સેન્ટ ઝેવિયર્સ, આરાધના વગેરેમાં રૂબરૂ જઈ બાળકોને ફટાકડા નહી ફોડવા માટે સમજાવી પ્રતિજ્ઞા લેવડાવાયી હતી.

### ચિરવિદાય

● સ્વ. જોઈતીબેન બાબુલાલ નાયી, ઉ.વ. ૮૨